**PRESS MONITOR**

Publication : Dhabkar
Edition : Surat
Date : February 16, 2017

---

# મૂનબો ટીવી કમર્શિયલ લોન્ચ કરીને પીવાનું સ્વચ્છ પાણી પીવા માટે અનુરોધ કરે છે

**નવી દિલ્હી, તા. ૧૫**

અગ્રણી સેનિટરીવેર કંપનીની છત્રછાયા હેઠળની બ્રાન્ડ મૂનબોએ આજે તેનાં વોટર પ્યુરિફાયરો માટે અબ ઈન્ડિયા પાયેગા અચ્છા નામે નવી ટીવીસી કેમ્પેઈન રજૂ કરી છે.

આ ટીવીસીમાં બાળપણની નિર્દોષતા આલેખિત કરવામાં આવી છે, જેમાં અલગ અલગ સામાજિક-આર્થિક પાર્શ્વભૂના બાળકો એકત્ર થઈ રમે છે અને પાણીનું આદાનપ્રદાન કરે છે, કારણ કે અચ્છા પાની શેર કરના અચ્છી આદત હૈ. આ નવી ટીવીસીમાં દરેકેદરેક લોકો તેમની જાતિ, ધર્મ કે વર્ણ ગમે તે હોય તો પણ શુદ્ધ પીવાનું પાણી મેળવવાના હકદાર છે એ મૂનબોની આ પહેલ આલેખિત કરે છે.

આ નવીનક્કોર ઝુંબેશ વિશે બોલતાં એચએસઆઈએલ લિમિટેડના કન્ઝયુમર પ્રોડક્ટ્સ ડિવિઝનના પ્રેસિડેન્ટ રાકેશ કૌલે જણાવ્યું હતું કે આજે ભારતમાં સૌથી મોટા પડકારમાંથી એક પીવાના સ્વચ્છ પાણીને પહોંચ છે. આ ટીવીસી સાથે અમે ભારતભરના ગ્રાહકોને પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવા પ્રત્યે બ્રાન્ડ્સની વચનબદ્ધતાને અનુકૂળ રીતે મઢી લીધી છે. આ ટીવીસી જનરલ એન્ટરટેઈનમેન્ટ ચેનલો, ચુનંદી અંગ્રેજી અને હિંદી ન્યૂઝ અને મુવી ચેનલો પર ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭થી પ્રાઈમટાઈમ ટીવી સ્લોટ્સ પરથી પ્રસારિત કરવામાં આવી રહી છે.